**સુવિચાર**

ગજબની ચીજ બનાવી છે ધન ભેગું કરવામાં જ નિધન થઈ જાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૮/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
બટેકા મસાલા/સ્વીટ ફરાળી ચેવડો
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૨૦૮


## હર ઘર તિરંગા અભિયાન-એક ભારત, શ્રેષ્ઠ ભારત

# અમરેલીમાં તિરંગા યાત્રાથી દેશભકિતનો માહોલ ઉભો થયો

**કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ગ્રાઉન્ડથી દેશભકિતના માહોલમાં તિરંગા યાત્રાનો થયો પ્રારંભ**

**નાયબ દંડક વેકરિયા, જિલ્લા કલેકટર ભારદ્વાજ, ડીડીઓ પંડયા તેમજ પોલીસ અધિકારીઓ તિરંગા યાત્રામાં જોડાયા**

**વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભકિતનાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ**

**નાગનાથ મંદિર, લાયબ્રેરી ચોક, ટાવર ચોક, ડૉ. જીવરાજ મહેતા ચોક થઈને સરદાર સર્કલે યાત્રાનું સમાપન**



અમરેલી, તા. ૧૨

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયાવિસ્તારનાધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ગ્રાઉન્ડથી વરસાદી માહોલમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

આતિરંગાયાત્રામાં,જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનિઓ, શહેર પોલીસના જવાનો, અમરેલી જિલ્લા ફાયર જવાનો, શહેરના નાગરિકો, યુવાઓ સહિત વિવિધ સરકારી કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ સહિત સૌ હર્ષોલ્લાસ સાથે ઉત્સાહભેર જોડાયા હતા.

ભવ્ય તિરંગા યાત્રા પૂર્વે અમરેલીની તુલ્રી વિદ્યાલય, કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ સહિતની વિદ્યાર્થીનિઓદ્વારાદેશભકિતના


**અનુસંધાન પાના ૬ ઉપર**


## પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# વડિયા જળાશયમાં ''સૌની યોજના'' અંતર્ગત પાણી ભરીને ખેડૂતોને પિયત માટે પાણી ફાળવવા માંગ

**ઢુંઢિયા પીપળીયા, તોરી સહિતનાં ગામોનાં ખેડૂતો પાણી વિના પરેશાન**

વડિયા, તા. ૧૨

પૂર્વ કેબીનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડે રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, વડિયા, ઢુંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા, તોરી અને રામપુર ગામના ખેડુતો માટે સૌની યોજના દ્વારા વડિયા ડેમમાં પાણી ભરવા માટે તાત્કાલીક ધોરણે રામપુર પાસે



પાણી માટેના બે વાલ્વ મુકેલ છે. તેમાંથી સ્પેશ્યલ કેસ તરીકે વડિયા ડેમ ખાલી હોય તેથી સૌની યોજનાનું પાણી આપવા માટે તાત્કાલીક કાર્યવાહી જરૂરી છે. કારણ કે હાલ ઘણા સમયથી વરસાદ ખેંચાતા ચોમાસુ પાક માટે પાણીની ખુબ જ તંગી ઉભી થયેલ હોય જેમાં મગફળી, કપાસ, સોયાબીન, તલ અને કઠોળ તથા શાકભાજી અને લીલા ઘાસચારા માટે તાત્કાલીક ખેડુતોને પાણીની જરૂરિયાત ઉભી થયેલ છે. તો ઝડપથી આ ગામડાઓની રજુઆત ધ્યાને લઈ નર્મદાનુ સૌની યોજનાનું પાણી આપી વડિયા ડેમ ભરવા અંતમાં માંગ કરેલ છે.

## સિટી પોલીસે કરી કાર્યવાહી

# અમરેલીનાં માણેકપરામાં જુગાર રમતા ૭ પત્તાપ્રેમી ઝડપાયા

**રૂપિયા ૬૭૩૦૦નો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા. ૧૨

અમરેલીમાં રહેતા આરોપી પ્રકાશભાઈ વિજયભાઈ ચલ્લા, હિતેષભાઈ પ્રતાપભાઈ કામદાર, વિપુલભાઈ બાબુભાઈ કાલાવાડીયા, પ્રવિણભાઈ ગોબરભાઈ લાખાણી, ઉપેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈ, જીજ્ઞેશભાઈ હિંમતભાઈ કાબરીયા તથા મધુભાઈ બાલાભાઈ મહેતા (રહે. બક્ષીપુર)સહિતસાતેયઈસમોઅમરેલીમાં આવેલ માણેકપરા વિસ્તારમાં ચાઈના ટાઉન રેસ્ટોરન્ટવાળી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે ગત તા. ૧૧ના રોજ રાત્રીના ૧:૨૦ વાગ્યે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી સીટી પોલીસને બાતમી મળતાં પોલીસે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા રોકડ રકમ રૂા. ૬૭,૩૦૦નાંમુદ્દામાલસાથેતમામનેઝડપી લઈ ધોરણસર કાર્યવાહીહાથ ધરેલછે.


દુકાન ભાડે આપવાની છે
અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પ્લેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન ૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે
: સંપર્ક :
૯૪૨૬૯ ૩૮૪૪૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers

શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા...

શ્રી વિજયભાઈ દેસાઈ
પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ
અમારા ચિતલ-જસવંતગઢનાં યુવાન પ્રતિભાસભર, ચિતલનાં અગ્રણી યુવા ઉદ્યોગપતિ, રાષ્ટ્રીવાદી વિચારધારા એવમ્ હિન્દુત્વને વરેલા શ્રી વિજયભાઈ દેસાઈ અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદમાં પ્રમુખપદ પ્રાપ્ત કરતાં તેઓને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ....
:: શુભેચ્છકશ્રી ::

શ્રી વનરાજભાઈ કોઠીવાળ
:: પૂર્વ પ્રમુખ ::
તાલુકા પંચાયત - અમરેલી
સંગે શ્યામ મોટી કેલી
મુ. નાના માચીયાળા,
તા.જિ. અમરેલી

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને તેમની અંતર્ગત આવતી નીચે મુજબની કંપનીના કર્મચારી અને તેમના પરિવારને કેશલેસ સારવાર ઉપલબ્ધ

24/7 Emergency Services
હવે...બદલાશે સારવારની પરીભાષા
GSECL GETCO DGVCL MGVCL PGVCL UGVCL
GUVNL
GUVNL/GEB ના કર્મચારીને કેશલેસ સારવાર આપતી અમરેલીની એકમાત્ર હોસ્પિટલ
Contant : 9978966629
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯

# બાબરાનાં નવનિયુકત પોલીસ અધિકારીને શુભેચ્છા પાઠવતાં ભાજપનાં આગેવાનો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં પોલીસ સ્ટેશનમાં નવનિયુકત પીઆઈ અંકુર દેસાઈ હાજર થતા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપના મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા દ્વારા શુભેચ્છા મુલાકાત કરી નવનિયુકત પીઆઈ દેસાઈનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

### વિકાસ કાર્યમાં શહેરીજનોને વિક્ષેપ ન થાય તે જોવું જરૂરી

## સાવરકુંડલામાં જન્માષ્ટમી પર્વ ઉપર ટ્રાફિકથી ધમધમતો માર્ગ ખોદવામાં આવતાં વેપારીઓમાં નારાજગી

### શહેર કોંગ્રેસનાં નેતૃત્વમાં વેપારીઓએ રજુઆત કરી

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા ખાતે આર એન્ડ બી દ્વારા નાવલી મેઈન બજારનો રોડ આખો ખોદી નાખવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી. ત્યારે વેપારીઓના ધંધા રોજગાર ઠપ્પ થતાં હોય વેપારીઓ આક્રોશ સાથે રોડ ઉપર આવી અને ઉગ્ર રજૂઆત કરી કે હાલ એક જ બાજુનો રોડ ખોદે જેનાથી સાતમ આઠમના તહેવારોમાં લોકો ખરીદી કરી શકે અને આ હિન્દુઓના પવિત્ર તહેવારોમાં લોકોને તકલીફ ન પડે. આ સંદર્ભે સાવરકુંડલા શહેર કોંગ્રેસે સાથે રહી વેપારીઓ વતી રજૂઆત કરી હતી.





## બાબરા : શ્રી ભીમનાથ મહાદેવને ભારતમાતાનો દિવ્ય શણગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં મુખ્ય બઝારમાં ભીમનાથ મઠમાં બિરાજતા ભીમનાથ મહાદેવને શ્રાવણ માસના ત્રીજા સોમવારે ભારતમાતાનો દિવ્ય શણગાર કરાયો મહાદેવ આઝાદીના રંગે રંગાયા.

ભીમનાથ મઠ મહંત સુરેશગીરીજી કરશનગીરીજી ગોસ્વામી દ્વારા મહાદેવને અનુપમ શણગાર કરવામાં આવતા ભાવિકોએ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી.

### પોલીસ અધિકારીએ કારને ધક્કો મારી શરૂ કરાવી

## અમરેલી–ચલાલા માર્ગ ઉપર રેલ્વે ફાટક નજીક કાર બંધ થતાં તાલુકા પીઆઈ મદદરૂપ બન્યા

### કારમાં સવાર પરિવારે પોલીસ ટીમનો આભાર માન્યો

અમરેલી, તા. ૧૨

અમરેલી નજીક આવેલ માળીલા ગામ પાસે આવેલ રેલ્વે ફાટક પાસે એક ખાનગી કાર કોઈ કારણોસર બંધ થઈ જતાં. આ કારમાં રહેલ મહિલા સહિતનો પરિવાર રાત્રીના સમયે મુશ્કેલીમાં મુકાયો હતો. તેમની કાર પણ શરૂ ના થતી હોય. ત્યારે જ તેમની મદદ કરવા માટે પેટ્રોલીંગ કરી રહેલી અમરેલી તાલુકા પોલીસની ટીમ પહોંચી હતી. અને આવા પરેશાનીમાં મુકાયેલા પરિવારને મદદ કરી અને આ કરવા શરૂ કરવા માટે થઈ. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. સહિત સ્ટાફે આ ખાનગી કારને ધક્કા મારી શરૂ કરાવી અને આ પરેશાની ભોગવી રહેલ પરિવારને ત્યાંથી રવાના કરવામાં મદદ કરી હતી. આમ પોલીસ પ્રજાનો સાચો મિત્ર હોવાનું સૂત્ર ખરા અર્થમાં સાર્થક થયું હતું. ત્યારે આ બનાવમાં પોલીસ અધિકારી ખુદ સરકારી વાહનમાંથી નીચે ઉતરી અને ખાનગી કારને ધક્કો મારતાં હોય. તેવો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.



અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. ઓમદેવસિંહ જાડેજા સહિતનો સ્ટાફ ગઈકાલે રાત્રીના સમયે પોતાના સરકારી વાહનમાં પેટ્રોલીંગ કરી રહયા હતા. ત્યારે તેઓ અમરેલી તાલુકાના માળીલા ગામ નજીક આવેલ રેલ્વે ફાટક પાસે પહોંચતા ત્યાં એક ખાનગી કાર કોઈ કારણોસર ઉભી હોય. ત્યારે પોલીસ ઈન્સ્પે. દ્વારા પોતાની કાર રોકી અને અંધારામાં ઉભેલ ખાનગી કારમાં બેસેલા લોકોને કેમ ઉભા છો? તેમ પુછતા જાણવા મળ્યું કે આ ખાનગી કાર કોઈ કારણોસર બંધ પડેલ છે. અને આ ખાનગી કારમાં મહિલા સહિતનો પરિવાર હોય અને રાતના સમયે કાર બંધ પડતા પરેશાની ભોગવતા હતા.

જેથી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. ઓમદેવસિંહ જાડેજા સહિતના પોલીસ સ્ટાફે સરકારી વાહનમાંથી નીચે ઉતરી અને પરેશાન થતાં પરિવારની મદદ કરી અને પોલીસ ઈન્સ્પે. ઓમદેવસિંહ જાડેજા સહિતના સ્ટાફે બંધ પડેલ ખાનગી કારને ધક્કા મારી ખાનગી કાર શરૂ કરાવી દેવામાં મદદ કરી હતી. અને પરેશાનીમાં મુકાયેલા પરિવારને રવાના કરાવી દીધો હતો. આમ પોલીસ પ્રજાનો સાચો મિત્ર હોવાનું સૂત્ર ખરા અર્થમાં સાર્થક થયું હતું.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. ઓમદેવસિંહ જાડેજા ગઈકાલે રાત્રીના સમયે બંધ પડેલ ખાનગી કારને ધક્કો મારતાં હોય. તે અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ધુમ મચાવી છે.

## અમરેલી : મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે "સંસ્કૃત સપ્તાહ ઉજવણી" અંતર્ગત શ્લોકગાન સ્પર્ધા યોજાઈ



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલ આર્ટ્સ કોલેજ અમરેલી ખાતે તા. ૧૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ "સંસ્કૃત સપ્તાહ ઉજવણી"ના ભાગરૂપે સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત કોલેજના તમામ વિદ્યાર્થીનીઓને સંસ્કૃત ભાષાનું મહત્ત્વ અને ગૌરવ સમજાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમના ઈન્ચાર્જ ડો. જી.વી. વેલિયતના પ્રેરક માર્ગદર્શન હેઠળ સંસ્કૃત ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજીત થયેલ હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ સ્પર્ધામાં મુંગલપરા રોમાન્સી પ્રથમ, બતાડા ભારતી દ્વિતીય તથા પરમાર દયા તૃતિય સ્થાને રહ્યા હતા.

વિજેતા સ્પર્ધકોને સંસ્કૃત ડિપાર્ટમેન્ટ તરફથી રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન સંસ્કૃત ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડો. વિલાસબેન સોરઠિયા દ્વારા કરવામાં આવ્યું તેમજ નિર્ણાયક તરીકે ડો. એમ.જે. પટોળિયા તથા પ્રા. દ્રવિડ ગજેરાએ સેવા આપી હતી. કોલેજના સમગ્ર સ્ટાફગણે સાથે રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ.

## સાવરકુંડલા : ગુરૂકુળ ખાતે જન્માષ્ટમીની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૨


સાવરકુંડલામાં આવેલ શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામિનારાયણ ગરૂકુળ દ્વારા આજરોજ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉજવવામાં આવી. જેમાં સંસ્થાનાં વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામીનાં વડપણ હેઠળ સંસ્થાનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી અને કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામીનાં માર્ગદર્શન મુજબ દરેક વિભાગની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણને વધાવવા વાસુદેવ દ્વારા લાવવામાં આવ્યા. જેમાં સંતો દ્વારા આરતી કરી ભગવાનના જન્મની વધામણી કરી.

કાનાંના જન્મ માટે કેક કટીંગ કરવામાં આવી. ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ મટુકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવેલ. છેલ્લે તમામ શૈક્ષણિક વિભાગના વિદ્યાર્થીઓ એ રાસ ગરબા રમી કાર્યક્રમ પૂર્ણ કરેલ. આ કાર્યક્રમના સફળ સંચાલન માટે તમામ શૈક્ષણિક વિભાગના આચાર્યઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી, સ્વામી શુકદેવપ્રસાદ દાસજી, વ્યાસ દ્વારા જહેમત ઉઠાવી હતી.

## કોટડાપીઠા : સ્વયંભુ શ્રી ગરણેશ્વર મહાદેવનાં મંદિરમાં અન્નકુટ તેમજ છપ્પનભોગ ધરાયા

કોટડાપીઠા, તા. ૧૨

બાબરા તાલુકાનાં ગરણી પાનસડા ગામ વચ્ચે આવેલ સ્વયંભુ ગરણેશ્વર મહાદેવનાં મંદિરમાં તા. ૧૧/૮ને સોમવારના રોજ અન્નકુટ તેમજ છપ્પનભોગ દદાને ધરવામાં આવેલ શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં લાભ લીધેલ. મંદિરનાં મહંત કૈલાસગીરી તેમજ અશ્વીનીગીરી



દરરોજ દાદાની સેવાપુજા, દિપમાળા, દાદાના દરરોજ શૃંગાર તેમજ દરરોજ બપોરે મહાપુજા સાંજે આરતી દ્વારા ભકિતભાવપૂર્વક સેવાપુજા કરી રહ્યા છે. મંદિર ખાતે ઉંચા ઝાડ હોવાથી રાષ્ટ્રીય પક્ષી મોર, ઢેલના ટહુકા તેમજ બન્ને બાજુ નદીઓ હોવાથી લોકો અહીંયા મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

# અમરેલી જિલ્લાની ૧૭ શાળાઓ 'સક્ષમ શાળા' એવોર્ડથી સન્માનિત



સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા 'સક્ષમ શાળા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ સ્વચ્છ, હરિત, સલામત, સ્થાયી, પાણી, શૌચાલય, આરોગ્ય રક્ષણ, હવા, જમીન સહિતના ૧૨ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારી શાળાઓને જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ અધ્યક્ષ રમીલાબેન ધોરાજીયાના અધ્યક્ષ સ્થાને જ્ઞાનશકિત રેસિડેન્સિયલ સ્કુલ, વિદ્યાસભા કેમ્પસ ખાતે યોજાયેલા આ સમારોહમાં જિલ્લાની ૧૭ શાળાઓ 'સક્ષમ શાળા' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪થી તા.૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત બેઝલાઈન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેમાં શાળાઓ દ્વારા આપવામાં આવેલી વિગતોની સી.આર.સી. અને બી.આર.સી સ્તરે ચકાસણી કરવામાં આવી હતી. જિલ્લા અને તાલુકા કક્ષાની ૪ સ્ટાર અને ૫ સ્ટાર રેટિંગ ધરાવતી શાળાઓને કેટેગરી મુજબ એવોર્ડ અને પ્રોત્સાહક ઈનામ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાઓમાં શૈક્ષણિક તેમજ ભૌતિક સુવિધાઓ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ, સ્વચ્છતા, સારૂ વાતાવરણ અને તમામ આધુનિક સુવિધાઓ મળી રહે તેવો છે. આ સમારોહમાં જિલ્લા કક્ષાએ ગ્રામીણ અને શહેરી કક્ષાએ પ્રથમ, દ્વિત્તિય અને તૃત્તિય ક્રમાંકે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનારી શાળાઓને રૂા. ૩૧,૦૦૦, દ્વિત્તિય ક્રમાંક પ્રાપ્ત કરનાર શાળાઓને રૂા. ૨૧,૦૦૦ અને તૃત્તિય ક્રમાંક પ્રાપ્ત કરનાર શાળાઓને રૂ.૧૧,૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી. જિલ્લાના ૧૦ તાલુકાની ૧૦ શાળાઓને તાલુકાકક્ષાએ પ્રથમ ક્રમાંક સાથે રૂ.૧૧,૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી. જિલ્લામાં ગ્રામીણ કક્ષાએ પ્રથમ ક્રમાંકે બગસરા તાલુકાની પી.એમ. હળિયાદ જૂની પેસેન્ટર શાળા, દ્વિત્તિય ક્રમાંકે અમરેલી તાલુકાની વડેરા પ્રાથમિક શાળા અને તૃત્તિય ક્રમાંકે લાઠી તાલુકાની આસોદર પે સેન્ટર શાળાને સન્માનિત કરવામાં આવી હતી. રાજુલા તાલુકાની સરકારી માધ્યમિક શાળા ઘુડિયા (ગ્રામીણ કક્ષાએ) અને શહેરી કક્ષાએ લાઠી તાલુકાની દામનગર પેસેન્ટર શાળા નં.૨, જાફરાબાદ તાલુકાની મોડેલ શાળા–જાફરાબાદ, સાવરકુંડલા તાલુકાની નિવાસી આશ્રમ શાળાને પ્રથમ ક્રમાંક સાથે સન્માનિત કરવામાં આવી હતી. તાલુકાકક્ષાએ અમરેલી તાલુકાની વડેરા પ્રાથમિક શાળા, બાબરા તાલુકાની મોટા દેવળીયા પેસેન્ટર પ્રાથમિક શાળા, બગસરા તાલુકાની પી.એમ. હળીયાદ જૂની પેસેન્ટર શાળા, ધારી તાલુકાની દીતલા પ્રાથમિક શાળા, જાફરાબાદ તાલુકાની વાલબાઈ કન્યા પ્રાથમિક શાળા, ખાંભા તાલુકાની મોટા બારમણ પ્રાથમિક શાળા, લાઠી તાલુકાની આસોદર પેસેન્ટર શાળા, લીલીયા તાલુકાની સલડી પ્રાથમિક શાળા, રાજુલા તાલુકાની દેવકા પ્રાથમિક શાળા, સાવરકુંડલા તાલુકાની ગાધકડા પેસેન્ટર શાળાને રૂ.૧૧,૦૦૦ પુરસ્કાર આપી તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંકે સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, જિલ્લા આરોગ્ય અધિકારી સિંહ, અમરેલી સિટી પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર વાઘેલા, જિલ્લા તાલીમ ભવનના આચાર્ય ચાંપાનેરી, શિક્ષણ, આરોગ્ય, પોલીસ, ફાયર સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ, વિવિધ શાળાઓના આચાર્યઓ, બીઆરસી, સીઆરસી, એસએમસી સમિતિના સભ્યો, શાળાઓનાં શિક્ષકઓ અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીનાં દિગ્ગજ નેતાઓએ બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર ખાતે મેડિટેશન અને રક્ષાબંધન કર્યુ



રક્ષાબંધન એટલે પવિત્રતાનું પર્વ આ પર્વ નિમિત્તે ખાસ પવિત્રતાના સાગર પરમ પવિત્ર પરમાત્માના ઘર એટલે બ્રહ્માકુમારી દિવ્ય અનુભૂતિ ભવનનાં શાંત અને પવિત્ર વાતાવરણમાં પરમ પવિત્ર બ્રહ્માકુમારી બહેનોના હાથે રક્ષાબંધન કરવા માટે અમરેલી, કુકાવાવ, વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા તથા લાઠી, બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ દિવ્ય અનુભૂતિ ભવન અમરેલી ખાતે પધારી બ્ર.કુ. ગીતાબહેને રાખડી બાંધેલ, બ્ર.કુ. કિંજલબહેને સોગાત આપેલ અને શિવબાબાના કમારામાં મેડીટેશન કરી દિવ્ય અનુભૂતિ પ્રાપ્ત કરેલ. તેમન ઈફકો, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક તથા ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને પણ બ્ર.કુ. કિંજલદીદીએ રાખડી બાંધેલ અને બ્ર.કુ. ગીતાબહેને સોગાત અર્પણ કરેલ સાથે પધારેલ પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાને પણ રાખડી બાંધી બાબાના ઘરની સોગાત આપેલ. ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### પતિ બહારગામ ગયા હોય તે સમયે

## અમરેલીનાં રહેણાંક મકાનમાં ઘુસીને પરિણીતા સાથે છરીની અણીએ દુષ્કર્મ

### પરિણીતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૨

અમરેલીમાં રહેતી એક ૨૫ વર્ષિય પરિણીતાને અમરેલીમાં આવેલ સંધી સોસાયટીમાં ઓપન જેલ પાછળ, હુસૈની ચોકમાં રહેતા આરોપી જુબેર ઈબ્રાહીમ ખોખરે આજથી સાત-આઠ મહિના પહેલા આ ભોગ બનનાર પરિણીતાના પતિ બહાર ગયેલ હતા. ત્યારે આરોપીએ આ પરિણીતાના ઘરમાં રાત્રીના એકથી દોઢ વાગ્યે ઘુસી આવી અને છરી બતાવી તેણીને ધમકી આપેલ હતી કે તારા છોકરા અને તારા ઘરવાળાને જીવતા રાખવા હોય તો તું મને બોલાવતી રહેજે તેમ કહી પરિણીતાના છોકરા પર આરોપીએ હાથ મુકી કહેલ કે તારા છોકરાને જીવતો રાખવો હોય તો હું કહુ તેમ કરજે તેમ કહીને તેણીની મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર સંબંધ બાધેલ હતો.

ત્યારબાદ પણ આ પરિણીતાના પતિ ઘરે ન હોય ત્યારે આરોપીએ પરિણીતાની સાથે અવાર-નવાર શરીર સંબંધ બાધેલ અને કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને ગત તા. ૭/૮/૨૫ ના રોજ આરોપી આ પરિણીતાના ઘરે આશરે એકથી દોઢ વાગ્યે જઈ તેણીના છોકરાના ગળા પર હાથ રાખી કહેલ કે તારા છોકરાને જીવાડવો હોય તો મને શરીર સંબંધ બાધવા દે તેમ કહી ફરી એકવખત તેણીની સાથે તેણી મરજી વિરૂધ્ધમાં શરીર સંબંધ બાંધ્યાની ભોગ બનનાર પરિણીતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### કાશ્મીરનાં પહલગામથી બોલુ છું તેમ કહીને

## રાજુલાની મહિલાને એરેસ્ટ કરવાની ધમકી આપીને ૧૦ હજાર પડાવી લીધા

### મહિલાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવી

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે તત્વજયોતી વિસ્તારમાં વાવેરા રોડ ઉપર રહેતા જયભાઈ દીનેશભાઈ કાતરીયા નામના યુવકની બહેન ચેતનાબેનના મોબાઈલ નંબર ઉપર કોઈ અજાણ્યા ઈસમે પોતાના મો.નં. ૬૨૯૩૧ ૯૦૦૩૬ તથા મો.નં. ૯૧૬૩૨ ૩૨૮૩૫ ના વપરાશ કરતાં રણજીત ઈન્સ્પેકટર પહેલગામ કશ્મીરથી બોલુ છુ તેમ કહી પોલીસ ઓફીસરની ખોટી ઓળખ આપી અને અમો આતંકી વિરૂધ્ધમાં મહાદેવ ઓપરેશન ચાલે છે જેમાં ટેરેરીસ્ટમાં તમારો નંબર મળ્યો છે અને તમારો આતંકી સાથે કોઈ સબંધ છે તેમ વાત કરી અને નોન ઈન્વોલમેન્ટ સર્ટી એટીએસ ડીપાર્ટમેન્ટમાંથી કઢાવવુ પડશે. તે બાબતે તમારે અધિકારી સાથે વિડિયો કોલમાં વાત કરવાની રહેશે. તેમ કહી આરોપીએ બીજા આરોપીના મો.નં. ૯૧૬૩૨ ૩૨૮૩૫ આપેલ અને મો.નં. ૯૧૬૩૨ ૩૨૮૩૫ માં અજાણ્યા આરોપીએ ચેતનાબહેનને વીડીયો કોલ કરી વીડીયો કોલ ઉપર તમારે સ્ટેટમેન્ટ આપવુ પડશે તેમ કહી તમારી પાસે ટેરેરીસ્ટનુ કાળુ ધન જમા થયેલ છે તેમ કહી તેણીને ડરાવેલ અને એરેસ્ટ કરવાની વાત કરી પહેલા યુપીઆઈ નં. કયુ૪૨૮૧૧૭૦૭૯@yblમાં ટ્રાન્ફસર કરવાની વાત કરી પછી પરત કરી દઈશુ. તેવો વિાસ આપી ચેતનાબહેન પાસેથી ગત તા. ૭/૮/૨૫ ના રોજ આશરે ૧૦:૪૦ વાગ્યા દરમ્યાન યુપીઆઈડી દ્વારા રૂપિયા ૧૦,૦૦૦જી-પેથી ટ્રાન્જેકશન કરાવી અને આરોપીઓએ ચેતનાબહેન પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


## અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી મનહરસિંહ ગોહિલનું બહુમાન



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા સંસ્કૃત સપ્તાહ ઉજવણીની ઉત્કૃષ્ટ કામગીરીની રાજયકક્ષાએ નોંધ લેવામાં આવી છે. સંસ્કૃત સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં નાગરિકોને જોડવામાં આવ્યા હતા.

સંસ્કૃત સપ્તાહની આ સફળ ઉજવણી માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના માર્ગદર્શન હેઠળ રાજયના તમામ જિલ્લાઓમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

ઓગસ્ટ માસની તા. ૬ થી તા.૮ દરમિયાન તમામ જિલ્લાઓમાં સંસ્કૃત ગૌરવ યાત્રા, સંસ્કૃત સંભારણા દિવસ અને સંસ્કૃત સાહિત્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

દરેક જિલ્લામાંથી કરેલી પ્રવૃત્તિઓ કાર્યક્રમનું એકત્રીકરણ ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ-ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું અને તેમાં રાજયમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૪ (ચાર) જિલ્લા શિક્ષણ અધિકારીઓનું રાજયપાલના વરદ હસ્તે બહુમાન કરવામાં આવ્યુ હતુ.

અમરેલી ઉપરાંત બોટાદ, ખેડા અને વલસાડના જિલ્લા શિક્ષણ અધિકારીઓનો સમાવેશ થાય છે. આમ, અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલનું બહુમાન કરવામાં આવ્યુ, તેમ જિલ્લા શિક્ષણ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### મફતીયાપરા વિસ્તારમાં બની ઘટના

## બગસરાની યુવતીએ પ્રેમ સબંધથી લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો

### પંખાના હુંક સાથે સાડી બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૧૨

બગસરા ગામે આવેલ મફતીયાપરામાં પાણીના ટાંકા સામે રહેતી રૂષિકાબેન વિપુલભાઈ જાદવ નામની ૨૦ વર્ષિય યુવતીને પ્રેમ સંબંધ હોય. જેના કારણે મનમાં લાગી આવતા ગત તા. ૧૧ના રોજ ૮:૩૦થી ૧૦ વાગ્યા દરમ્યાન બગસરા ગામે પોતાના ઘરે પોતે પોતાની મેળે પંખાના હુંક સાથે સાડી બાંધી તેના વડે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ઘરની પેઢીની જેમ વહીવટીતંત્રમાં રાજ કરતાં હોય

## અમરેલી જિલ્લામાં ચૂંટણીકાર્યથી અવનવા બ્હાનાતળે દુર રહેતા કર્મચારીઓને ફરજ સોંપો

### અન્ય કર્મચારીઓને થતો અન્યાય બંધ થવો જોઈએ

અમરેલી, તા. ૧૨

રાજયભરમાં ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે દરેક ચુંટણીઓમાં છેલ્લા ઘણાં વર્ષોથી કેટલાક કર્મચારીઓ વગથી લાંચથી સંગઠનના પાવરથી કે અન્ય કારણોસર કયારેય ચુંટણીની કામગીરીમાં જોડાયા ન હોય તેવા કર્મચારીઓની યાદી અત્યારથી જ બનાવીને તૈયાર રાખવાની તેમજ તે યાદીનો અમલ થાય તે અંગે ખાસ ગંભીર નોંધ કલેકટર તથા તંત્રએ લેવાની ખાસ જરૂરત છે. જેથી વારંવાર જે કર્મચારીઓને ચુંટણીલક્ષી કે અન્ય સરકારી કામગીરી સોંપવામાં આવતી હોય તેઓને રાહત મળશે તેમ વિજપડીના પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ તંત્રને ઉદેશીને એક જાહેર નિવેદનમાં જણાવેલ છે.

વિશ્વાસપાત્ર વર્તુળો દ્વારા જાણવા મળથી માહિતી મુજબ છેલ્લાં ઘણાં વર્ષોનો રેકર્ડ જોવામાં આવે તો કેટલાક કર્મચારીઓ કયારેય ચુંટણી કે અન્ય કોઈ સરકારી કામગીરીમાં જોડાતા જ નથી. તો આ બાબતે તંત્ર કડક નીતિ અખત્યાર કરે તો વારંવાર એવી કે વખત ફરજ બજાવતાં કર્મચારીઓનાં આર્શિવાદ મળશે. આ ઉપરાંત બહેનોની નિમણુંક નજીકના ગામડામાં વાહન વ્યવહારની સુવિધા હોય તે ગામમાં નિમણુંક કરવી. અમો કયારેય ચુંટણી કે અન્ય સરકારી કામગીરીમાં ન હોઈએ, અમારૂ નામ કામગીરી લીસ્ટમાં હોય જ નહી તેવી ગુલબાંગો ફુંકતા કેટલાક કર્મચારીઓને તંત્ર કડક થાય તો અહમ ભાંગીને ભુકકો થઈ જશે.

જિલ્લા તથા તાલુકા મથકે ચાલુ ફરજે રજા રિપોર્ટ વગર સરકારી કચેરીઓમાં વારંવાર ચકકર મારતાં રાખી પગલાં લેવાની ખાસ જરૂરી છે. સી.સી.ટી.વી. કેમેરા શું કામના છે ? તેનો બરાબર સદ્‌ઉપયોગ થાય તો આવા કેમેરાનાં ખર્ચા કરવાનો અર્થ શું તેવો સણસણતો સવાલ અંતમાં કરેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
MAHAJAN મહાજન કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.















### મહાયુતિ સરકારમાં નારાજગીના સમાચાર સામાન્ય છે

# બહુમતી છતાં મહારાષ્ટ્રમાં NDAમાં આંતરિક વિખવાદ

## એકનાથ શિંદે પોતાને અને તેમના મંત્રીઓને અવગણવામાં આવતા હોવાથી નારાજ છે

નવીદિલ્હી, તા.૧૨

મહારાષ્ટ્રની મહાયુતિ સરકારમાં નારાજગીના સમાચાર સામાન્ય છે. આ વચ્ચે આજે ૧૨ ઓગસ્ટના રોજ કેબિનેટની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં ઉપ-મુખ્યમંત્રી અને શિવસેનાના અધ્યક્ષ એકનાથ શિંદે હાજર રહ્યા નહોતા. તેઓ રવિવારથી જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં હતા.

એટલું જ નહીં, તાજેતરમાં જ એકનાથી શિંદે વિધાનસભા સત્રની વચ્ચે દિલ્હી આવ્યા હતા. અહીં તેમણે અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમજ આજની બેઠકમાં તેમની ગેરહાજરીના કારણે મહારાષ્ટ્રની NDA સરકારમાં બધું બરાબર છે કે નહીં, તે સવાલ ફરી ઉઠવા લાગ્યો છે. અટકળોને વધુ વેગ એટલા માટે મળી રહ્યો છે કારણ કે તેમના નજીકના મંત્રી ભરત ગોગાવાલેએ પણ આ બેઠકમાં હાજરી આપી નહોતી.

એવું માનવામાં આવે છે કે એકનાથ શિંદે પોતાને અને તેમના મંત્રીઓને અવગણવામાં આવતા હોવાથી નારાજ છે. ભલે તેમની પાસે હાલ વિકલ્પોની કમી હોય અને આ સમયે સાથ છોડવો યોગ્ય ન હોય, પરંતુ અંદરખાને નારાજગી યથાવત છે. તેમની એક ચિંતા એ પણ છે કે દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં શિવસેના કરતાં અજિત પવાર અને તેમના લોકોને વધુ મહત્ત્વ મળી રહ્યું છે.

તેમજ ગોગાવાલેની નારાજગી અંગે એવું અહેવાલ છે કે તેમને રાયગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ન બનવવાના કારણે તેઓ નારાજ છે. NCPના અદિતિ તટકરેના નામ પર શિવસેના ભડકી ગઈ હતી, જેના કારણે અદિતિ તટકરેનું નામ પાછું ખેંચી લેવામાં આવ્યું, અત્યાર સુધી આ જિલ્લામાં પ્રભારી મંત્રીની જાહેરાત થઈ નથી.જોકે અદિતિ તટકરેને જ રાયગઢ જિલ્લા મુખ્યાલયમાં ૧૫ ઑગસ્ટ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે જવાનો મોકો મળશે અને ત્યાં ધ્વજ ફરકાવશે. આનાથી શિવસેનામાં નારાજગી હોવાનું કહેવાય છે. શિવસેનાનો આ જિલ્લામાં દાવો રહ્યો છે કે અમારી સ્થિતિ અહીં મજબૂત છે. આવા સંજોગોમાં અમારા નેતા ગોગાવાલેને જ જિલ્લાના પ્રભારી મંત્રી જાહેર કરવા જોઈએ. એવું માનવામાં આવે છે કે હાલમાં એકનાથ શિંદેના મીટિંગથી દૂર રહેવા અને ગોગાવાલેના પણ ન જવા પાછળનું આ જ સૌથી મોટું કારણ છે.

### અનામત છતાં વંચિત લોકો પાછળ રહી ગયા

# SC/STમાં પણ આવકના આધારે અનામત? અરજી પર સુનાવણી કરશે સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી માટે સંમતિ આપ્યા પછી, દેશમાં અનામત પર નવી ચર્ચા ઊભી થઈ શકે છે

નવીદિલ્હી, તા.૧૨

સુપ્રીમ કોર્ટે સોમવારે (૧૧મી ઓગસ્ટ) જાહેર હિતની અરજી (PIL) પર વિચાર કરવા સંમતિ આપી હતી, જેમાં સરકારી નોકરીઓમાં અનામતની વધુ સમાન વ્યવસ્થા માટે નીતિઓ ઘડવા માટે કેન્દ્રને નિર્દેશ આપવા અપીલ કરાઈ હતી.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે રમાશંકર પ્રજાપતિ અને યમુના પ્રસાદ દ્વારા દાખલ કરાયેલી PIL પર કેન્દ્રને નોટિસ આપી હતી અને ૧૦મી ઓક્ટોબર સુધીમાં જવાબ માંગ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલાની સુનાવણી માટે સંમતિ આપ્યા પછી, દેશમાં અનામત પર નવી ચર્ચા ઊભી થઈ શકે છે. અરજદારના વકીલને ભારે વિરોધનો સામનો કરવા માટે તૈયાર રહેવા સુપ્રીમ કોર્ટે હતું. કારણ કે પીઆઈએલના દૂરગામી પરિણામો આવી શકે છે. અરજદારોએ એડવોકેટ સંદીપ સિંહ દ્વારા પીઆઈએલ દાખલ કરી છે. જેમાં જણાવ્યું હતું કે આ અભિગમ બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૧૬ ને મજબૂત બનાવશે અને હાલની અનામત મર્યાદા સાથે ચેડા કર્યા વિના સમાન તક સુનિશ્ચિત કરશે.

અરજીમાં જણાવાયું છે કે, દાયકાઓથી અનામત હોવા છતાં, સૌથી વધુ આર્થિક રીતે વંચિત લોકો ઘણીવાર પાછળ રહી જાય છે અને અનામત શ્રેણીઓના પ્રમાણમાં સારા લોકો તેનો લાભ લે છે પરંતુ આવકના આધારે પ્રાથમિકતા આપવાથી ખાતરી થશે કે મદદ ત્યાંથી શરૂ થાય છે જ્યાંથી આજે તેની સૌથી વધુ જરૂર છે. અનુસૂચિત જાતિ (SC) અને અન્ય પછાત વર્ગો (OBC) શ્રેણીઓના અરજદારો, હાલની અરજી દ્વારા, આ સમુદાયોમાં આર્થિક અસમાનતાઓને પ્રકાશિત કરવા માંગે છે, જેના કારણે હાલની અનામત નીતિઓ હેઠળ લાભોનું અસમાન વિતરણ થયું છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં એવી પણ દલીલ કરવામાં આવી છે કે જ્યારે આરક્ષણ માળખું શરૂઆતમાં ઐતિહાસિક રીતે વંચિત સમુદાયોના ઉત્થાન માટે રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે વર્તમાન વ્યવસ્થા આ જૂથોમાં પ્રમાણમાં સમૃદ્ધ આર્થિક સ્તર અને ઉચ્ચ સામાજિક દરજ્જાનું બેકગ્રાઉન્ડ ધરાવતા લોકોને અપ્રમાણસર રીતે લાભ આપે છે, જ્યારે સૌથી વધુ આર્થિક રીતે વંચિત સભ્યો માટે તકોની ઍક્સેસને પ્રતિબંધિત કરે છે. આ અરજીમાં અંગે જસ્ટિસ સૂર્યકાંત શર્માએ કહ્યું કે 'અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો (OBC)ના ઘણાં લોકો અનામત દ્વારા ઉચ્ચ શ્રેણીની સરકારી નોકરીઓમાં પ્રવેશ કરીને સામાજિક અને આર્થિક રીતે સક્ષમ બની શકે છે અને તેમના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને સુવિધાઓ પૂરી પાડી શકે છે. હવે સમય આવી ગયો છે કે શું આવા વર્ગના લોકોએ તેમના પોતાના સમુદાયના તે સભ્યોની કિંમતે અનામતનો લાભ મેળવતા રહેવું જોઈએ જેઓ ગરીબીમાં જીવી રહ્યા છે અને સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.'

### બોમ્બે હાઈકોર્ટનો મોટો નિર્ણય

# આધાર કાર્ડ, પાન કાર્ડ કે ચૂંટણી કાર્ડથી ભારતીય નાગરિકતા સાબિત થતી નથી

## નાગરિકતા માટે કાયદામાં જે નિયમ બનાવ્યા છે તે અનુસાર પ્રક્રિયા પૂરી કરવાની હોય છે ઓળખ પત્ર નાગરિકતા કાનૂનને બદલી શકે નહીં

મુંબઈ, તા.૧૨

મંગળવારે બોમ્બે હાઈકોર્ટે એક એવો ચુકાદો સંભળાવ્યો, જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે, ખાલી ઓળખ પત્ર હોવાથી કોઈ પણ વ્યક્તિ ભારતનો નાગરિક બની શકતો નથી. કોર્ટે કહ્યું કે, આધાર કાર્ડ, પાન કાર્ડ અથવા વોટર આઈડી ખાલી ઓળખ માટે હોય છે, નહીં કે નાગરિકતા સાબિત કરવા માટે. આ ડોક્યુમેન્ટ સરકારી સેવા લેવાના કામમાં આવે છે, પણ આ સાબિત નથી કરતું કે તમે ભારતીય છો.

આ મામલો બાબૂ અબ્દુલ રુફ સરદાર નામના એક શખ્સ સાથે જોડાયેલો છે. આરોપ છે કે તે બાંગ્લાદેશમાંથી ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યો અને પાસપોર્ટ અથવા કોઈ માન્ય ટ્રાવેલ ડોક્યુમેન્ટ વિના અહીં રહેવાનું શરુ કરી દીધું. એટલું જ નહીં, તેમણે ખોટી રીતે અહીં આધાર કાર્ડ, પાન કાર્ડ, વોટર આઈડી કાર્ડ અને ત્યાં સુધી કે તેમણે ભારતીય પાસપોર્ટ પણ બનાવી લીધો. તે છેલ્લા ૧૦ વર્ષથી ભારતમાં રહેતો હતો. પણ હવે પોલીસે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધી લીધી છે.

હાઈકોર્ટના જસ્ટિસ અમિત બોરકરે સુનાવણી દરમ્યાન ૧૯૫૫માં બનાવેલા નાગરિકતા કાનૂનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, આ કાયદો સંપૂર્ણપણે નક્કી કરે છે કે કોણ ભારતીય નાગરિક છે. નાગરિકતા કેવી રીતે મળશે અને કઈ પરિસ્થિતિમાં તેને ખોઈ શકાય છે. આ નિયમ આજે પણ નાગરિકતા નક્કી કરવાનો સૌથી મોટો આધાર છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આધાર કાર્ડ, પાન કાર્ડ અને ચૂંટણી કાર્ડ ખાલી ઓળખ સાબિત કરવા માટે છે. તેનાથી એ સાબિત નથી થતું કે તમે ભારતના નાગરિક છો. નાગરિકતા માટે કાયદામાં જે નિયમ બનાવ્યા છે. તે અનુસાર પ્રક્રિયા પૂરી કરવાની હોય છે. ઓળખ પત્ર નાગરિકતા કાનૂનને બદલી શકે નહીં.

હાઈકોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, નાગરિકો અને ગેરકાયદેસર પ્રવાસીઓની વચ્ચે ફરક કરવામાં આવે છે. ગેરકાયદેસર રીતે ભારતમાં આવેલા લોકો કાનૂની પ્રક્રિયાથી આસાનીથી નાગરિક બની શકતા નથી. આ ફરક દેશની સુરક્ષા અને સંપ્રભુતા બનાવી રાખવા માટે જરુરી છે. જેથી જે અધિકાર ખાલી નાગરિકો માટે છે, તેનો ખોટો ઉપયોગ ન થાય.

### શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જાહેર

# ઉત્તરાખંડમાં રેડ એલર્ટ બાદ કેદારનાથ યાત્રા ૩ દિવસ માટે બંધ

## રુદ્રપ્રયાગ સહિત ઉત્તરાખંડના અલગ-અલગ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી

ઉત્તરાખંડ, તા.૧૨

ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ ક્ષેત્રમાં ભારે વરસાદનું રેડ ઍલર્ટ જારી કર્યા બાદ આ યાત્રા ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રને હાઈ ઍલર્ટ પર રાખવામાં આવ્યું છે. તીર્થયાત્રીઓ અને સ્થાનિક લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

કેદારનાથ આવનારા તમામ યાત્રીઓ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઈઝરીમાં શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે, હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને તમે હાલમાં યાત્રા કરવાનું ટાળો. ડીએમ પ્રતીક જૈને જિલ્લાના તમામ વિભાગોને ઍલર્ટ મોડ પર રહેવાનો નિર્દેશ આપ્યો છે. હવામાન વિભાગે ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટના રોજ રુદ્રપ્રયાગ સહિત ઉત્તરાખંડના અલગ-અલગ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપી છે.

ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર હાઈ ઍલર્ટ પર રાખવામાં આવ્યું છે. જિલ્લા અધિકારી પ્રતીક જૈને જણાવ્યું કે, વહીવટી તંત્રએ ૧૨, ૧૩ અને ૧૪ ઓગસ્ટ માટે કેદારનાથ યાત્રા સ્થગિત કરી છે. હવામાન વિભાગે રુદ્રપ્રયાગ અને રાજ્યના અન્ય જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ અને ઓરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે, તેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રને ઍલર્ટ પર રાખવામાં આવ્યું છે. સુરક્ષાની પણ સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા અધિકારી પ્રતીક જૈને જળાશયો પાસે રહેતા લોકોને સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, 'નદીના જળ સ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. પોલીસ, લોકનિર્માણ વિભાગ, અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો સહિત તમામ સરકારી કર્મચારીઓને સતત સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. અમે હવામાન અનુકૂળ થવા પર કેદારનાથ યાત્રા ફરીથી શરૂ કરવા અંગે અપડેટ આપીશું.

અધિકારીએ જણાવ્યું કે, વોર્નિંગ સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. તમામ નેશનલ હાઈવે ના ડેન્જર ઝોનમાં ૨૪ કલાક જેસીબી અને પોકલેટ મશીનો તહેનાત કરવામાં આવ્યા છે.

જેથી રસ્તા પર અવરોધ આવતા તેને ઝડપથી ખોલી શકાય. ડિઝાસ્ટર મેનેજમેન્ટને સતત ઍલર્ટ રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સામાન્ય નાગરિકો અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે.

### ગુજરાત સરકારે રદ કર્યો નિર્ણય

# પંચાયત તલાટીઓના માથે ફરી એકથી વધુ ગામડાઓની જવાબદારી

## રાજ્ય સરકારે મહેસૂલી તલાટીને પ્રતિનિયુક્તિ પર પંચાયત વિભાગ હસ્તક મૂકવા વિચારણા કરી હતી

અમદાવાદ, તા.૧૨

છેલ્લાં ઘણા વખતથી મહેસૂલ તલાટીઓને પ્રતિનિયુક્તિથી પંચાયત વિભાગના હસ્તક મૂકવા સરકારે વિચારણા કરી હતી. આ મામલે કોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. આખરે કોર્ટના આદેશને પગલે સરકારે નિર્ણય રદ કરવો પડ્યો છે. તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે ત્યારે ગામડાઓમાં હવે એક જ તલાટીથી કામ ચલાવવુ પડે તેવી સ્થિતિ પરિણમી છે.

ગુજરાતમાં આજે પણ ચાર હજારથી વધુ તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે. તલાટીઓના અભાવે ગ્રામ પંચાયતના શાસન-વહીવટ પર વ્યાપક અસર થઈ રહી છે. રાજ્ય સરકારે મહેસૂલી તલાટીને પ્રતિનિયુક્તિ પર પંચાયત વિભાગ હસ્તક મૂકવા વિચારણા કરી હતી. વર્ષ ૨૦૧૭માં સરકારે પાંચ મંત્રીઓની કમિટી નીમી આ નિર્ણય કર્યો હતો. પ્રત્યેક ગામમાં તલાટી હોય તેવા હેતુસર આ નિર્ણય કરાયો હતો. પણ આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આખરે આ નિર્ણય સરકારે રદ કરવો પડયો છે. હવે મહેસૂલ તલાટીઓને પંચાયત હસ્તક નહીં મૂકાય.

સરકારે નિર્ણય બદલતાં સ્થિતિ એવી થઈ છે કે, રાજ્યમાં તલાટીઓની ઘટ પ્રવર્તી રહી છે. એક તલાટીના શિરે બે ત્રણ ગામડાની જવાબદારી છે. દરેક ગામમાં રોડ રસ્તા, પાણી, વેરા, પાણીપત્રકથી માંડીને અન્ય બધીય કામગીરી તલાટીએ કરવી પડે છે. મહેસૂલી તલાટી કરતાં પંચાયત હસ્તક તલાટીઓ પર કામનું ભારણ વધુ રહ્યુ છે. બીજી બાજુ, હજુ સરકારે તલાટીઓની ભરતી કરી નથી.

આ સિવાય એવું પણ જાણવા મળ્યું કે, સરકારે નિર્ણય રદ કરતાં હવે મહેસૂલી અને પંચાયત વિભાગની અલગ અલગ ભરતી કરાશે. આમ, ફરી એક જ તલાટીથી કામ ચલાવવુ પડે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પંચાયત હસ્તક તલાટીઓની સંખ્યા માત્ર ૧૦,૭૦૦ છે. આ જોતાં બધાય ગામડાઓમાં તલાટી હોય તેવો સરકારે સંકલ્પ કર્યો છે પણ ભરતી કરતી નથી.

### હાલ સરકાર સામે વિરોધી માહોલ છવાયો છે

# ગુજરાતમાં ભાજપના નેતાઓ ભીડ પણ ભેગી કરવામાં નિષ્ફળ

## શાળામાં રંગોળી સ્પર્ધાથી માંડી પીએમ આવાસ યોજનાનો સર્વે કરવાનું કામ તલાટીઓને માથે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં હાલ સરકાર સામે વિરોધી માહોલ છવાયો છે, જેના કારણે ભાજપના ધારાસભ્ય, નેતાઓ લોકો વચ્ચે જઈ શકે તેમ નથી. એટલુ જ નહીં, ભીડ ભેગી કરવી મુશ્કેલ બન્યુ છે, ત્યારે ૧૫મી ઓગસ્ટ નજીક છે, ત્યારે ઘર ઘર તિરંગા યાત્રા કાઢવાની જવાબદારી પણ તલાટીઓના માથે થોપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી અનુસાર, તલાટીઓની હાલત પણ હવે આંગણવાડી વર્કરો જેવી થઈ છે. રાજ્ય સરકાર એક પછી એક કામોની જવાબદારી તલાટીઓના માથે થોપી રહી છે. જાણવા મળ્યું છે કે, ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ગામમાં દાતાઓને શોધી શાળામાં રંગોળીની સ્પર્ધા કરવાની, વિદ્યાર્થીઓને ઈનામ આપવા તલાટીઓ કામે લાગ્યાં છે.

ગામડાઓમાં શાળાના બાળકોને એકત્ર કરી તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે, જેમાં તલાટીઓની મુખ્ય ભૂમિકા રહી છે.

આ ઉપરાંત તલાટીઓને હવે પીએમ આવાસ યોજનાનો સર્વે કરવા પણ જણાવાયું છે. લાભાર્થીઓ સાચા છે કે ખોટા તેની પણ તલાટીઓ ચકાસણી કરી રહ્યાં છે. આમ, તલાટીઓને દશા બેઠી છે.

### કેન્દ્ર સરકાર ફાસ્ટેગ વાહનચાલકો માટે લાવી ઓફર

# ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે

## માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે

નવીદિલ્હી, તા.૧૨

દેશભરમાં ૧૫ ઓગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ થવાનો છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર સ્વતંત્રતા દિવસ પર નવો ફાસ્ટેગ પાસ લોન્ચ કરવાની છે, જેની વાર્ષિક કિંમત ૩૦૦૦ રૂપિયા છે. કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને રાજમાર્ગયાત્રા (Rajmargyatra) મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. સરકારે નવો ફાસ્ટેગ લોન્ચ કરવાની જાહેરાત કર્યા બાદ હવે વાહનચાલકોને ફાયદો કરાવતી ઓફર લાવી છે. સરકારે કહ્યું છે કે, ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

કેન્દ્ર સરકારે ૩૦૦૦ રૂપિયામાં નવો ફાસ્ટેગ પાસ ખરીદનાર વાહનચાલકોને ૨૦૦ મફત ટ્રિપ આપવાની જાહેરાત કરી છે, પરંતુ સવાલ એ થાય છે કે, આખરે સરકાર એક ટ્રિપ કેવી રીતે ગણશે? જો કોઈ વાહનચાલક અમદાવાદથી વડોદરા જાય અને ત્યાંથી પરત આવે તો તેને કેટલી ટ્રિપ માનવામાં આવશે? તેનો અર્થ એ છે કે, જો તમે અમદાવાદથી વડોદરા જાવ અને આ દરમિયાન કુલ ૭ ટોલ પ્લાઝા આવે તો તેને કુલ સાત ટ્રિપ માનવામાં આવશે. જો તમે અમદાવાદથી વડોદરા જઈને પરત ફરો તો તેને કુલ ૧૪ ટ્રિપ માનવામાં આવશે. માર્ગ પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ, તમે એક ટોલ પ્લાઝામાંથી પસાર થશો તો તેને એક ટ્રિપ માનવામાં આવશે.

કેન્દ્ર સરકારે જાહેર કરી નવી ટ્રિપની સુવિધા માત્ર નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસ ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. જ્યારે એક્સપ્રેસવે, રાજ્ય ધોરીમાર્ગો પર પણ ફાસ્ટેગ નિયમિત રીતે ચાલુ રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયનો નવો આદેશ દેશના તમામ ટોલ પ્લાઝા પર લાગુ નહીં પડે. વાહનચાલકોને નવા ફાસ્ટેગ પાસનો ફાયદો માત્ર NHAIના ટોલ પ્લાઝા પર જ થશે. ઉલ્લેખનીય છે કે, નવો ફાસ્ટેગ પાસ માત્ર કાર, જીપ અને વાન જેવા વાહનો માટે છે. આ પાસ બસ અને ટ્રક જેવા મોટા વાહનોને લાગુ નહીં પડે અને તેઓએ ટોલ ટેક્સ ચુકવવો જ પડશે.સૌથી પહેલા અમે તમને જણાવી દઈએ કે, FASTag વાર્ષિક પાસની કિંમત ૩ હજાર રૂપિયા છે, તેને એક્ટિવેટ કરવા માટે તમારે Rajmarg Yatra App અથવા સત્તાવાર પોર્ટલની મદદ લેવી પડશે.NHAIએ કહ્યું FASTag વાર્ષિક પાસ અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી શકાતો નથી. આ પાસ તે જ વાહન પર લાગુ થશે જેના પર તે નોંધાયેલ છે.

જો FASTag વાર્ષિક પાસનો ઉપયોગ રજિસ્ટર્ડ વાહન સિવાય અન્ય કોઈપણ વાહન પર કરવામાં આવે છે, તો તે ડિએક્ટિવેટ થઈ જશે. આ માહિતી NHAI પર લિસ્ટેડ છે.

FASTag વાર્ષિક પાસ તેના નામ પરથી ખ્યાલ આવી જાય છે કે, ૧ વર્ષ અથવા ૨૦૦ ટ્રિપ્સ માટે લાગુ પડશે. તે પછી તે સામાન્ય ફાસ્ટેગમાં ફેરવાઈ જશે. તમે ૩,૦૦૦ રૂપિયા ચૂકવીને તેને ફરીથી એક્ટિવેટ કરી શકો છો.

FASTag વાર્ષિક પાસને લઈને ઘણા નિષ્ણાતોનો અંદાજ છે કે જો તમે બધી ૨૦૦ ટ્રિપ કરો છો, તો તમને લગભગ ૨,૦૦૦ થી ૪,૦૦૦ રૂપિયાનો ફાયદો મળશે.

FASTag વાર્ષિક પાસ માત્ર નેશનલ હાઈવે (NH) અને નેશનલ એક્સપ્રેસ વે (NE) ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. FASTag વાર્ષિક પાસ લેવો જરૂરી નથી. હાલની FASTag સિસ્ટમ પહેલાની જેમ જ કામ કરશે. જ્યારે તમે પાસ વિના ટોલ પ્લાઝા પર આવો છો, ત્યારે તમારે FASTag દ્વારા લાગુ દર ચૂકવવા પડશે.

### રાહુલ ગાંધીના ચૂંટણી પંચ પર ગંભીર આરોપ

# વોટ ચોરી મુદ્દે રાહુલ ગાંધીનો ફરી ચૂંટણી પંચ પર પ્રહાર

## એક વ્યક્તિ, એક મત. તેનો અમલ કરવો ચૂંટણી પંચની ડ્યુટી છે પિક્ચર હજુ બાકી છે, અમે રોકાઈશું નહીં, અમે બંધારણનું રક્ષણ કરી રહ્યા છે

નવીદિલ્હી, તા.૧૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ સામે બાયો ચઢાવી છે. તેમણે વોટર લિસ્ટમાં છેડછાડ અને વોટર લિસ્ટ રિવિઝન મુદ્દે ફરી ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે, 'બંધારણમાં લખેલું છે કે, એક વ્યક્તિ, એક મત. તેનો અમલ કરવો ચૂંટણી પંચની ડ્યુટી છે. પિક્ચર હજુ બાકી છે, અમે રોકાઈશું નહીં, અમે બંધારણનું રક્ષણ કરી રહ્યા છે.

મંગળવારે (૧૨મી ઓગસ્ટ) સંસદ ભવનની બહાર પત્રકારો સાથે વાત કરતા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, 'વોટ ચોરી માત્ર એક બેઠકની વાત નથી, ઘણી બેઠકો છે. આ રાષ્ટ્રીય સ્તરે અને વ્યવસ્થિત રીતે થઈ રહ્યું છે. ચૂંટણી પંચ જાણે છે કે, હવે અમારી પાસે પુરાવા છે. એક વ્યક્તિ, એક મત લાગુ કરવાની જવાબદારી ચૂંટણી પંચની છે, પરંતુ તેમણે કર્યું નથી. વિપક્ષ ફક્ત બંધારણનું રક્ષણ કરી રહ્યા છીએ અને કરતા રહીશું.'

વોટર લિસ્ટમાં ગોટાળાઓ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'બિહારમાં વોટર લિસ્ટ રિવિઝન દરમિયાન ચૂંટણી પંચે દરોંડામાં એક મહિલાની ઉંમર ૧૨૪ વર્ષ જાહેર કરી છે. આવા અસંખ્ય કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.' બીજી તરફ વાયનાડ લોકસભા બેઠકના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું છે કે, 'રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં બધું જ કહી દીધું છે. કેવી રીતે નકલી મતદારો ઉમેરવામાં આવ્યા છે. નામ, સરનામાં, સંબંધીઓના નામ... બધું જ નકલી છે.

ઉલ્લેખનીય છે કે સોમવારે (૧૧મી ઓગસ્ટ) રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી સાંસદોએ મતદાર યાદીમાં અનિયમિતતાના મુદ્દા પર ચૂંટણી પંચના કાર્યાલય સુધી કૂચ કરી હતી. આ દરમિયાન પોલીસે રાહુલ ગાંધી અને અન્ય સાંસદોને અટકાત કરી હતી.

### વૈશ્વિક પડકારો વચ્ચે રાહતના સમાચાર

# રિટેલ મોંઘવારી જુલાઈમાં ઘટી આઠ વર્ષના તળિયે

## કેન્દ્ર સરકાર દ્વારા જાહેર સત્તાવાર આંકડાઓ અનુસાર, જુલાઈમાં રિટેલ મોંઘવારીનો દર ઘટી ૧.૫૫ ટકા થયો છે

નવીદિલ્હી, તા.૧૨

દેશમાં વૈશ્વિક પડકારો વચ્ચે એક રાહતના સમાચાર મળ્યા છે. સ્થાનિક સ્તરે રિટેલ મોંઘવારી આઠ વર્ષના તળિયે નોંધાઈ છે. જે તહેવારોની સીઝનમાં લોકોને વધુ ખરીદી કરવા પ્રેરશે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર સત્તાવાર આંકડાઓ અનુસાર, જુલાઈમાં રિટેલ મોંઘવારીનો દર ઘટી ૧.૫૫ ટકા થયો છે. જે જૂન, ૨૦૨૫ના ૨.૧૦ ટકા સામે ૫૫ બેઝિસ પોઈન્ટ ઘટ્યો છે. જે જૂન, ૨૦૧૭ બાદ સૌથી નીચો રિટેલ ફુગાવો છે.

જુલાઈ ૨૦૨૫માં ખાદ્ય ફુગાવો ઘટીને -૧.૭૬% થયો હતો, જે જૂનમાં -૧.૦૧% હતો. ખાદ્યચીજોના ભાવ સતત બીજા મહિને ઘટ્યા છે. આ ઘટાડો કઠોળ, શાકભાજી, અનાજ, ખાંડ અને પરિવહનના ખર્ચમાં ઘટાડાને કારણે થયો હતો. જુલાઈમાં નોંધાયેલ આ દર જાન્યુઆરી ૨૦૧૯ પછીનો સૌથી ઓછો ખાદ્ય ફુગાવો છે. ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો જુલાઈમાં ૧.૧૮% રહ્યો હતો, જે જૂનમાં ૧.૭૨% કરતા ઘટ્યો છે. શહેરી ફુગાવો પણ ૨.૫૬% થી ઘટી ૨.૦૫% થયો છે. હાઉસિંગ ક્ષેત્રમાં ફુગાવો લગભગ ૩.૧૭% પર સ્થિર રહ્યો, શિક્ષણમાં તે ૪.૩૭%થી ઘટી ૪%, જ્યારે આરોગ્ય ક્ષેત્રમાં ફુગાવો જૂનમાં ૪.૩૮% થી વધીને ૪.૫૭% થયો હતો.અમુક ખાદ્ય પદાર્થોમાં મોંઘવારી દર અપેક્ષા કરતાં નીચો રહ્યો છે. જેમાં અનાજ (૩.૦૩ ટકા), દૂધ અને ડેરી ઉત્પાદનો (૨.૭૪ ટકા) અને ખાંડ અને કન્ફેક્શનરી ઉત્પાદનો (૩.૨૮ ટકા)નો સમાવેશ થાય છે. બીજી બાજુ જુલાઈમાં ફળોના ભાવમાં વધારો થયો હતો. તેનો ફુગાવો ૧૪.૪૨ ટકા રહ્યો હતો. તેલ અને ચરબીયુક્ત ઉત્પાદનો ૧૯.૨૪ ટકા મોંઘા થયા હતાં. ઈંધણ અને વીજ શ્રેણીનો ફુગાવો ૨.૬૭ ટકા નોંધાયો હતો.

૫૦ અર્થશાસ્ત્રીઓના રોઈટર્સ સર્વેમાં જુલાઈમાં રિટેલ ફુગાવો ઘટીને ૧.૭૬% થવાનો અંદાજ હતો. RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC) દ્વારા રિટેલ મોંઘવારી ૫.૫૦% પર યથાવત રાખી હતી. ફેબ્રુઆરીથી સતત ત્રણ વખત રેપોરેટ કુલ ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. જો કે, ઓગસ્ટમાં રેપો રેટ જાળવી રાખ્યો હતો.

# બાબરામાં તિરંગા યાત્રામાં ૯૦૦થી વધુ નાગરિકો જોડાયા




હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત બાબરા તાલુકા વહીવટી તંત્ર દ્વારા આજે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં ૯૦૦થી વધુ નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. બાબરાના મુખ્ય માર્ગો ફરીને શહીદ ભગતસિંહ ચોક ખાતે આ યાત્રાનું સમાપન થયું હતું. તાલુકા પંચાયત અને નગરપાલિકના પદાધિકારીઓ– અધિકારીઓ, મામલતદાર, પોલીસ સ્ટાફ, હાઈસ્કુલ અને કોલેજના વિદ્યાર્થી તથા શિક્ષકો સહિતના નાગરિકો સહભાગી બન્યા હતા.

## ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીએ દિનેશ પોપટના નિવાસ સ્થાનની મુલાકાત લીધી



અમરેલી, તા. ૧૨

ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીનો અમરેલી જિલ્લાના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન આ સંપર્ક યાત્રામાં અમરેલીના જનસંઘથી લઈ ભાજપ સુધીની વર્તમાન સમય સુધીની જવાબદારીઓ નિભાવેલ તેમજ અમરેલી જિલ્લાના પાયાના પથ્થર સમા તેમજ જિલ્લાના દરેક હોદાઓ જિલ્લા પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી નિભાવેલ એવા દિનેશભાઈ પોપટના નિવાસ સ્થાને રત્નાકરજીએ મુલાકાત લીધી હતી. ત્યારે તેમના જુના પ્રસંગોને વાગોળ્યા હતા. તથા સંગઠનની વાતો કરી હતી અને દિનેશભાઈ પોપટની તબીયતની પ્રુચ્છા કરી હતી.

આ સમયે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી જિલ્લા મહામંત્રી ધરાજીયા તથા અમરેલીના જાણીતા એડવોકેટ પીયુશભાઈ શુકલ તથા કિરણભાઈ નાઢાં તથા કાર્યાલયમંત્રી મહેન્દ્રભાઈ ચાવડા વગેરે આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૫ | ૫૧૬ |
| ૨ | ધાણા | ૯૫૦ | ૧૧૮૦ |
| ૩ | એરંડા | ૧૨૪૬ | ૧૨૪૬ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૮૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૫ | ૧૦૨૭ |
| ૨ | શિંગ મોટી | ૭૩૫ | ૧૦૪૫ |
| ૩ | શિંગદાણા | ૯૦૦ | ૧૪૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૦૦૧ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૪૧૩૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૦૦૦ | ૨૨૯૯ |
| ૮ | બાજરો | ૨૨૦ | ૪૧૬ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૯ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૫૬૧ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૩૯૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૨ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૮૦ | ૧૧૬૧ |
| ૧૬ | તુવેર | ૧૦૫૫ | ૧૨૪૬ |
| ૧૭ | વાલ | ૭૦૦ | ૯૬૦ |
| ૧૮ | એરંડા | ૧૨૧૬ | ૧૨૮૮ |
| ૧૯ | જીરૂ | ૩૦૪૦ | ૩૫૭૫ |
| ૨૦ | રાય | ૧૨૧૩ | ૧૨૧૩ |
| ૨૧ | ધાણા | ૧૧૩૫ | ૧૩૦૫ |
| ૨૨ | મેથી | ૫૯૦ | ૮૯૦ |
| ૨૩ | સોયાબીન | ૮૧૦ | ૯૨૦ |
| ૨૪ | રજકાનુ બી | ૪૧૫૦ | ૬૧૦૦ |
| ૨૫ | વરીયાળી | ૧૧૬૦ | ૧૪૧૦ |
| ૨૬ | કાંગ | ૩૫૫ | ૫૪૦ |

## ક્રાંકચ ગામે નિઃશુલ્ક સગર્ભા તપાસ કેમ્પ યોજાયો



લીલીયા, તા. ૧૨

લીલીયા તાલુકાના ક્રાંકચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિશુલ્ક સગર્ભા તપાસ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરાયું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો, જોશી, RCHO ડો.સિંઘ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિદ્ધપુરાના માર્ગદર્શન મુજબ કરવામાં આવેલ. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્રના સગર્ભા બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો. આ દરમિયાન પર જેટલી અતિજોખમી, જોખમી, ઓછા વજનવાળી, સગર્ભા બહેનોની શારીરિક તપાસ અને આરોગ્ય શિક્ષણની કામગીરીની સેવા નારી હોસ્પિટલ – અમરેલીના સ્ત્રીરોગ નિષ્ણાંત ડો, વિજય નાકરાણી અને આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. જય વાઘેલા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય કેન્દ્રના તમામ કર્મચારી અને ખીલખીલાટ આરોગ્ય સેવાના કર્મચારી દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

## અવસાન નોંધ

**અમરેલી :** અ.સૌ. શાંતાબેન ભાઈશંકર ઠાકર (ઉ.વ. ૯૪) તે ધીરેન્દ્રભાઈ (કેનેડા), સુરેશભાઈ (જામનગર), કિરીટભાઈ (અમદાવાદ), અનિલભાઈ અમરેલી તેમજ વિદ્યાબેન કિશોરકુમાર ભટ્ટ (આણંદ)ના માતુશ્રી, સ્વ. નાનજીભાઈ કલ્યાણજીભાઈ જોષી (ખાંભા)ના દિકરી તથા સ્વ. ગૌરીશંકરભાઈ (ખાંભા) તથા નવનીતભાઈ જોષીના બહેન તા. ૧૨/૦૮/૨૦૨૫ના મંગળવારના રોજ કૈલાસવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪/૦૮/૨૫ને ગુરૂવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ ખેડાવાળ બ્રાહ્મણ બોડીંગ, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલ પાસે, અમરેલી મુકામે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૨૦ | ૧૬૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૧૯ | ૧૯૫૧ |
| ૫ | તલ કાળા | ૨૬૧૦ | ૩૬૩૦ |
| ૬ | જીરૂ | ૨૬૫૦ | ૩૫૬૦ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૧૦૩૫ | ૧૧૩૫ |
| ૯ | મગ | ૧૨૦૫ | ૧૬૭૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૪૫ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૫૧ |
| ૩ | તલ કાળા | ૩૩૫૦ | ૪૦૬૬ |
| ૪ | જીરૂ | ૩૩૨૨ | ૩૫૦૧ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૬૪૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૭૧ |
| ૯ | જુવાર | ૪૫૧ | ૭૨૬ |
| ૧૦ | મગ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૮૦ | ૧૧૭૧ |
| ૧૨ | રાય/રાયડો | – | ૧૨૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં તિરંગા યાત્રાથી**

રંગારંગ સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તિરંગાને સૌએ હવામાં લહેરાવીને એક ભારત–નેક ભારત–શ્રેષ્ઠ ભારતનો સંદેશ પ્રસરાવ્યો હતો.

અમરેલીમાં ભવ્ય તિરંગા યાત્રાને રસ્તા પર નાગરિકોએ બહોળો પ્રતિસાદ આપ્યો હતો. નાગરિકોએ તિરંગા યાત્રાના વધામણા કર્યા હતા. કાર્યક્રમાં ઉપસ્થિત સૌએ સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

ભારતની આઝાદીની લડાઈમાં અનેક નામી, અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓ, અનેક દેશભકત નવયુવાઓનો સિંહ ફાળો છે. હર ઘર તિરંગા અભિયાન અને તિરંગા યાત્રા એ સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને વંદન કરવાનો અવસર છે.

અમરેલી ખાતે આયોજિત ભવ્ય તિરંગા યાત્રા કાર્યક્રમની ઉજવણીમાં જિલ્લાના પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, જિલ્લા પંચાયત નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, વિવિધ શાળા કોલેજના વિદ્યાર્થીઓ, બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભા ગીર પંથકમાં એક મહિનાથી**

ઉત્પાદન ૨૫% મળે તેવી શકયતા છે. ભગવાન ઉપર આશા રાખીને બેઠેલા આ ખેડૂતો છેલ્લા બે દિવસથી વાદળાઓ બંધાય છે એટલે આશાનું કિરણ દેખાય છે પરંતુ વરસાદ વરસતો નથી. ત્યારે હવે કયારે મેઘ મહેર થાય તેની ખેડૂતો રાહ જોઈ અને બેઠો છે. વરસાદ ખેંચાતા હજારો એકરમાં વાવેતર કરેલો પાક નિષ્ફળ જવાની ખેડૂતોને ભીતી સેવાઈ રહી છે. ત્યારે મેઘરાજા કયારે મહેરબાન થશે તે આવનારો સમય બતાવશે. પરંતુ ખેડૂતોનો હાલ ઉભો પાક ખેતરોમાં મૂરઝાવા લાગ્યો છે. આ પાક મુરઝાઈ જતા ખેડૂતો પણ મૂંઝાયા છે. જો હવે બે પાંચ દિવસમાં વરસાદ ન થયો તો આ મુરઝયેલો પાક બળી જવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે સરકાર પણ ખેડૂતોની વહારે આવી છે અને સરકારે ખેડૂતોને દસ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે પરંતુ વરસાદ ખેંચવાના કારણે કુવાના તળમાં પાણી જતા રહ્યા છે, બોર સુકાઈ ગયા છે. ત્યારે કૂવામાં હોય તો અવેડામાં આવે તે કહેવત અહીં સાર્થક થઈ રહી છે. કારણ કે કુવા ખાલી છે વીજળીને ખેડૂત કરે તો શું કરે તેવી પરિસ્થિતિ બંધાઈ છે. પરંતુ સરકારે ખેડૂતોનું ધ્યાન રાખી જે ખેડૂતોના પિયત છે કૂવામાં પાણી છે તેમને દસ કલાક વીજળી, પાણી જાહેરાત કરી છે.


: ધ્વજવંદન નિમંત્રણ :

૭૯ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિતે વર્તમાન અને ભૂતપૂર્વ તમામ સ્ટાફ–સ્ટુડન્ટસ–પેરેન્ટસ તેમજ શુભેચ્છકશ્રીઓએ ૧૫ મી ઓગષ્ટનાં રોજ ધ્વજવંદન કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

:: ધ્વજ વંદન ::

માન. શ્રી ગીરધરભાઈ એચ.ગજેરા
લક્ષ્મી ડાયમંડ – ( બેલ્જીયમ )

તારીખ : ૧૫ – ઓગષ્ટ – ૨૦૨૫,
સમય : સવારે ૦૯ : ૩૦ કલાકે,

સ્થળ : ઓપન એયર થીએટર, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા, કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

:: નિમંત્રક ::

શ્રી વસંતભાઈ હરિભાઈ ગજેરા – પ્રમુખશ્રી
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા (ઉપપ્રમુખશ્રી) શ્રી કિશોરભાઈ મહેતા (મંત્રીશ્રી)
શ્રી મનસુખભાઈ ધાનાણી (મંત્રીશ્રી) શ્રી ચતુરભાઈ ખુંટ (મંત્રીશ્રી)
વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૧૮ | ૫૩૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | જુવાર | ૩૫૫ | ૩૫૫ |
| ૫ | સોયાબીન | ૬૦૦ | ૮૫૩ |
| ૬ | ધાણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૭ | મગફળી | ૭૨૫ | ૭૩૦ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૫૧ |
| ૯ | તલ સફેદ | ૧૦૫૦ | ૧૮૭૦ |
| ૧૦ | મગ | ૧૩૭૫ | ૧૩૯૫ |
| ૧૧ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |

## ચિતલ : કર્મકાંડી પિતાનાં પુત્રએ વિદેશમાં એમબીબીએસની ડીગ્રી મેળવી



ચિતલ, તા. ૧૨

પિતા કર્મકાંડનો વ્યવસાયમાં યજમાનોને કંકુ ચોખાથી આશિર્વાદ આપીને પોતાનો વ્યવસાય ધાર્મિકતા સાથે કરતા હતા. ત્યારથી જ નાનાપણથી જ પોતાને એવું શિક્ષણ મેળવું કે જેમાં વ્યવસાય સાથે આર્શીવાદ લોકો આપે માટે બાળપણથી જ આદિત્ય ત્રિવેદીએ માઈલ સ્ટોન નકકી કરીને વિદેશમાં ભણીને કોરોનાના કપરાકાળમાં પણ વિદેશમા જ અભ્યાસ શરૂ રાખીને પોતાના ડોકટર થવાનુ સપનુ સાકાર કર્યુ જસદણ ગામે રહેતા અને કર્મકાંડ કરતા કેતનભાઈ ચંદુભાઈ ત્રિવેદીના પુત્ર ડો. આદિત્ય ત્રિવેદીએ તાજેતરમાં વિદેશમાંથી એમબીબીએસ (ડોકટરની) ડીગ્રી મેળવી આવતા તેમણે જણાવ્યુ હતું કે મારા પિતા દાદાએ ધાર્મિક કાર્યો અનેક કર્મકાંડ થકી યજમાનોને આર્શીવાદ આપી વ્યવસાય કર્યો જયારે હું ડોકટરી વ્યવસાયની સેવા થકી લોકોના આશીર્વાદ મારે મેળવવા જ મે મારૂ સપનું સાકાર કર્યુ હું જસદણ તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમા સેવા કરીને આર્શીવાદ મેળવવા કોશીશ કરીશ આ સાથે આદીત્ય ત્રિવેદીએ જસદણ ગામ તથા સમાજનુ ગૌરવ વધારેલ છે.

## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનારશ્રી **વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલની મળેલ સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનાં ગામ અમરેલી મુકામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે "જલારામનગર," હનુમાનપરામાં આવેલ રહેણાંકની મિલ્કત જેના રેવન્યુ સર્વે નં. ૧૧૪૩ પૈકી, પ્લોટ નં. ૬૩ પૈકી, ક્ષેત્રફળ ૫૪–૬૨ ચો.મી. જે ચંદ્રીકાબેન કલ્પેશગીરી ગૌસ્વામીના એ અજયકુમાર પ્રવીણચંદ્ર પંડયા પાસેથી ખરીદ કરેલ છે. જેના નીચેની વિગતેના ઉતરોતરનીદસ્તાવેજોની અસ્લપ્રત હાલ અમારા અસીલ કે તેઓની મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ નથી.

(૧) દસ્તાવેજ નં.૩૯૪, તા.૦૫/૦૩/૧૯૯૪ ખરીદનાર અજયકુમાર પ્રવીણચંદ્ર પંડયા, વેચાણ આપનાર પરબતલાલ ચુનીલાલ રાછડીયા.

(૨) દસ્તાવેજ નં.૧૪૮૫, તા.૦૬/૦૯/૧૯૯૩ ખરીદનાર પરબતલાલ ચુનીલાલ રાછડીયા, વેચાણ આપનાર પ્રવીણચંદ્ર શાંતિલાલ જોષીના મુખ્યત્યાર બાબુભાઈ કેશવભાઈ સુખડીયા, કન્ફર્મિંગ પાર્ટી કાળુભાઈ હરિભાઈ જસાણી.

(૩) દસ્તાવેજ નં.૨૬૪, તા.૧૩/૦૨/૧૯૯૩ ખરીદનાર પ્રવીણચંદ્ર શાંતિલાલ જોષી, વેચાણ આપનાર રામભાઈ નાનજીભાઈ ધનાણી, વિઠલભાઈ મોહનભાઈ ખુંટ.

આ દસ્તાવેજો જો કોઈના કબ્જા હેઠળ રહેલા હોય અગર તો દસ્તાવેજોનો આધાર રાખી કોઈ ત્રાહિત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય તો તે ઉપરોકત વિગત વાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ–હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન – ૭ માં નીચેના સરનામે લેખીતમાં જણાવશો. અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબ્જા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો, તકરાર કે હરકત રહેલ નથી. તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે. તેમ માની આગળની કાર્યવાહી કરશે. જેથી આ નોટિસ પ્રસિધ્ધ થયાના મુદ્દત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**ગૌસ્વામી ચંદ્રીકાબેન કે. / ગૌસ્વામી નિખિલ કે. વતી,**

**વિમલ પી. પોપટ, એડવોકેટ**

સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧ મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૩૭ | ૯૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૭૦ |
| ૩ | તલ કાળા | ૨૭૮૬ | ૩૮૦૫ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૫ | બાજરો | ૩૫૧ | ૩૭૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૫૯૪ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૭૪૫ |
| ૮ | મગ | ૧૩૯૨ | ૧૪૫૦ |
| ૯ | ચણા | ૧૦૫૧ | ૧૧૯૧ |

## જગતાત ગણાતા ખેડૂતો માટે વરસાદ વગર એક–એક કલાક મુશ્કેલી ભર્યો

# ખાંભા ગીર પંથકમાં એક મહિનાથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત

**રાજય સરકારે ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત તો કરી પણ તે નિયમિત મળતી નથી**


**કૂવાનાં પાણીથી પિયત કરવાથી ખેતી પાકોની પુરતી તરસ છીપાતી નથી**

**વાવણી બાદ વરસાદ ખેંચાઈ જવાથી માત્ર ચોથા ભાગનું ઉત્પાદન થવાની સંભાવના**

**કૂવામાં પાણી ન હોય ૧૦ કલાક વીજળી મળવાનો પણ કોઈ ફાયદો થતો નથી**








તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૨

ખાંભા ગીર પંથકમાં કપાસ અને મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે. દોઢેક મહિના પહેલા સારો વરસાદ થયો હોવાને કારણે ખેડૂતોએ હોશે હોશે વાવેતર કરી દીધું પરંતુ છેલ્લા ૨૫ દિવસથી એક વરસાદનું ટીપું પણ પડયું નથી અને ખેતરમાં ઉભેલો મગફળી અને કપાસનો પાક હવે મુરજાવા લાગ્યો છે. ખેડૂતો આકાશ સામે મિટ માંડીને ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે કે હે મેહુલિયા હવે તો મહેર કર પરંતુ વરસાદ ખેંચાતા સરકાર દ્વારા ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત થઈ છે પરંતુ વીજળી સરખી ન આવતા ખેડૂતો પરેશાન બન્યા છે. ત્યારે પાણી જ નથી કુવામાં, બોરમાં ખેડૂતો પણ કરે તો શું કરે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ખેડૂતોની મુશ્કેલીઓ દિન પ્રતિ દિન વધતી જાય છે કારણ કે છેલ્લા ૨૫ દિવસથી વરસાદ નથી થયો. ખેતરોમાં ઉભો પાક હવે ધીમે ધીમે સુકાવા લાગ્યો છે, કુવાના તળ પણ હજુ પુરા ઉપર આવ્યા નથી. જે ખેડૂતોના કુવામાં પાણી છે તે ખેડૂતોએ છેલ્લા બે દિવસથી નિરાશ થઈ અને પિયત કરવાનું શરૂ કર્યુ છે પરંતુ આ પાણી પાકને પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી કોઈ શકયતા નથી. ખેડૂતો એવું અનુમાન લગાવે છે કે એક મહિના પહેલા સારા વરસાદથી વાવણી તો કરી લીધી પરંતુ ત્યાર પછી સમગ્ર જિલ્લામાં વરસાદ ખેંચાતા હવે

અનુસંધાન પાના ૬ ઉપર

### માર્ગ બનતો જાયને સાથોસાથ તુટતો જતો હોવાની ફરિયાદ

# સાવરકુંડલાથી મહુવા વચ્ચે બનેલ નેશનલ હાઈવેનાં કામમાં લોટ, પાણીને લાકડા : વાહનચાલકોમાં નારાજગી

**કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનાં વિભાગનાં અધિકારીઓ બેદરકાર**




વીજપડી, તા. ૧૨

જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી બનેલ સાવરકુંડલા–મહુવા વચ્ચેનો નેશનલ હાઈવે બનતો જાય અને પાછળથી તુટતો જતો હોય વાહનચાલકોએ નારાજગી વ્યકત કરી છે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનાં વિભાગ ધ્વારા બનતા માર્ગમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ થાય તે બાબત યોગ્ય નથી. પરંતુ હવે જોવાનું એ રહે છે કે માર્ગની તટસ્થ તપાસ થાય અને કસુરવાનો સામે કાર્યવાહી થાય છે કે કેમ?

# મોતના દ્વાર સમાન ખાડાને બુરો



અમરેલીમાં જુના પોલીસ સ્ટેશન નજીક ટ્રાફિકથી ધમધમતાં માર્ગ ઉપર છેલ્લા ૨ મહિનાથી વિશાળ ખાડો હોય દરરોજ નાના–મોટા હજારો વાહનચાલકો મહામુસીબતે પસાર થઈ રહ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે પાલિકા કચેરી નજીકમાં હોવા છતાં વિશાળ કદનાં ખાડાને બુરવામાં આવતો નથી.

### બટારવાડી વિસ્તારની ઘટના

# અમરેલીનાં યુવકે લોનનાં હપ્તા ભરી ન શકતાં ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**ક્રેડિટ કાર્ડ, પર્સનલ લોન લેવાની સરળતા મુશ્કેલીરૂપ બની**

અમરેલી, તા. ૧૨

અમરેલીમાં આવેલ બટારવાડી વિસ્તારમાં શ્યામ બેકરીની બાજુમાં રહેતા સાજીદભાઈ રસીદભાઈ અગવાન નામના ૩૨ વર્ષિય યુવકે પર્સનલ લોન લીધેલ હોય અને હવે તેમના હપ્તા ભરી શકેલ નહીં. જેથી પોતાને મનમાં લાગી આવતાં ગત તા. ૧૧ ના રોજ ૯:૧૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Coordinator
Experience : 1-2 Years
• Liaisoning Officer
Experience : 1-3 Years
• Senior Accountant
Experience : 2-4 Years
(Must know Tally and GST)
• HR Assistant
Education : BBA | MBA | B.Com | M.Com BCA | MCA
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)